# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-12-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને યુનિટી માર્ચના સમાપન સમારોહમાં 2047 સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને પૂર્ણ કરવા યુવાઓ ને સાથે મળીને કામ કરવા હાકલ કરી
2. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે,આગામી પાંચ વર્ષમાં પશુપાલકોની આવકમાં 20 ટકાનો વધારો કરવાનો લક્ષ્યાંક
3. રાજ્યમાં હવા પ્રદૂષણનું ધ્યાન ન રાખતી 541 બાંધકામ સાઇટને દંડ કરીને 123 લાખથી વધુની વસૂલાત
4. ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરને મહાપરિનિર્વાણ દિવસ પર આજે રાષ્ટ્ર શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે
5. રાજ્યની 182 વિધાનસભા બેઠકોમાંથી 47 વિધાનસભા બેઠકો પર મતદાર યાદીની ખાસ સઘન સુધારા ઝુંબેશ – SIRની 100 ટકા કામગીરી સંપન્ન થઈ.

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# UNITY MARCH

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને આજે યુવાનોને જાગૃત થવા અને 2047 સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને પૂર્ણ કરવા માટે સાથે મળીને કામ કરવા માટે જોરદાર હાકલ કરી હતી.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર @150 રાષ્ટ્રીય પદયાત્રાના સમાપન સમારોહને સંબોધતા, ઉપરાષ્ટ્રપતિએ યુવાનોને દેશની પ્રગતિનું એન્જિન ગણાવ્યું અને ભાર મૂક્યો કે ભારતની મોટી યુવા વસ્તી એક મુખ્ય રાષ્ટ્રીય શક્તિ છે.

રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્ર નિર્માણમાં સરદાર પટેલના અપાર યોગદાનને યાદ કરીને , તેમણે યુવાનોને સરદારના મૂલ્યોને તેમના જીવનમાં અપનાવવા વિનંતી કરી. ઉપરાષ્ટ્રપતિએ માય યુવા ભારત જેવી પહેલ દ્વારા યુવા ઊર્જાને ચારિત્ર્ય નિર્માણ , નવીનતા અને ઉદ્યોગસાહસિકતા તરફ વાળવાના પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીના દ્રષ્ટિકોણ પર પણ ભાર મૂક્યો.

**BYTE: VICE PRESIDENT**

સરદાર પટેલની 150મી જન્મજયંતિની ઉજવણી માટે આયોજિત રાષ્ટ્રીય પદયાત્રા 26 નવેમ્બર, 2025 ના રોજ કરમસદથી શરૂ થઈ હતી અને આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સફળતાપૂર્વક સમાપ્ત થઈ. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રીઓ મનસુખ માંડવિયા , રક્ષા ખડસે અને રાજીવ રંજન રાય પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે બારડોલી સત્યાગ્રહે સરદાર સાહેબને દેશભરમાં મજબૂત અને કદ્દાવર જનનેતાના રૂપમાં પ્રસ્થાપિત કર્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે , દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની 150મી જન્મજયંતિની ઉજવણીનું વર્ષ સમગ્ર દેશમાં રાષ્ટ્રગૌરવને ઉજાગર કરતું વર્ષ બની ગયું છે.

BYTE – CM

-------------

# UNITY MARCH – DR. IVANCE AFEDI UN

સરદાર@150 યુનિટી માર્ચના સમાપન સમારોહમાં ઉપસ્થિત યુનાઈટેડ નેશન્સના એમ્બેસેડર ડોક્ટર ઈવાન્સ અફેદી સરદાર પટેલને શ્રદ્ધાંજલી આપતાં કહ્યું કે , લોહપુરુષ સરદાર પટેલ ભારત માટે જ નહીં સમગ્ર વિશ્વ માટે એક પ્રેરણાસ્ત્રોત છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતું કે , આજના સમારોહમાં ઉમટી પડેલા યુવાનો, એકતાના નારા , ભારતીય સંસ્કૃતિની ઝાંખીઓ અને અવિરત દેશપ્રેમ એક ભારત શ્રેષ્ઠ ભારતની સંકલ્પનાને સાકાર કરે છે.

-------------

# AMIT SHAH – BANASKANTHA-1

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે જાહેરાત કરી છે કે સરકાર ડેરી ક્ષેત્રમાં સરક્યુલર અર્થતંત્ર મોડેલ લાગુ કરીને આગામી પાંચ

વર્ષમાં પશુપાલકોની આવકમાં 20 ટકાનો વધારો કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.

બનાસ ડેરીના બાયો-સીએનજી અને ખાતર પ્લાન્ટનું ઉદ્ઘાટન અને બનાસ ડેરીના અત્યાધુનિક 150 ટીપીડી દૂધ પાવડર અને બાળક ખોરાક પ્લાન્ટનો શિલાન્યાસ કર્યા પછી, ગુજરાતના સણાદરમાં એક જાહેર સભાને સંબોધતા મંત્રીએ આ જાહેરાત કરી હતી.

BYTE - AMIT SHAH

બનાસ ડેરી દ્વારા સરક્યુલર અર્થતંત્રના સફળ અમલીકરણ પર ભાર મૂકતા, શ્રી શાહે પુનરોચ્ચાર કર્યો કે સરકાર ભારતમાં તમામ ડેરીઓમાં આ મોડેલ લાગુ કરવા માટે કામ કરી રહી છે.

મંત્રીએ ચાર મુખ્ય ધ્યેયો પર ધ્યાન કેન્દ્રિત કરીને શ્વેત ક્રાંતિ 2.0 ની સફળતા સુનિશ્ચિત કરવાનું વચન આપ્યું હતું: સુધારેલ રાષ્ટ્રીય ગોકુલ મિશન,પશુપાલન માળખાગત સુવિધા, રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ અને ડેરી વિકાસ.

મંત્રીએ માહિતી આપી કે સાંસદોનું એક પ્રતિનિધિમંડળ હાલમાં એશિયાની સૌથી મોટી ડેરીની વૃદ્ધિ વાર્તાની સમીક્ષા કરવા માટે બનાસ ડેરીની મુલાકાત લઈ રહ્યું છે.

# AMIT SHAH – BANASKANTHA-2

કેન્દ્રીય ગૃહમંત્રી આજે બપોરે બનાસ ડેરી ખાતે સહકાર મંત્રાલયની સંસદીય સલાહકાર સમિતિની ત્રીજી બેઠકની અધ્યક્ષતા ક રી હતી . ત્યારબાદ તેઓ એ અગથલામાં નવા બાયો-સીએનજી અને ખાતર પ્લાન્ટની મુલાકાત લીધી હતી અને મહિલા દૂધ ઉત્પાદકો સાથે વાતચીત

કરી હતી . તેઓ પશુધન પહેલની સમીક્ષા કરશે અને બનાસકાંઠાના પાલનપુરમાં તેલ મિલ , લોટ અને મધ પ્લાન્ટ સુવિધાઓની મુલાકાત લીધી હતી.

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# AIR POLUTION

રાજ્યમાં હવા પ્રદૂષણ ઘટાડવા શહેરી વિભાગે મહાનગરપાલિકાની બે હજાર 600 થી વધુ બાંધકામ સાઈટનું માત્ર ત્રણ જ દિવસમાં નિરીક્ષણ કર્યું. હવા પ્રદૂષણનું ધ્યાન ન રાખતી રાખતી 541 જેટલી બાંધકામ સાઇટને દંડ કરીને 123 લાખથી વધુની વસૂલાત કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ગાંધીનગરમાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હવા પ્રદૂષણ અંગે રાજ્યમાં એલર્ટ રહેવાની અધિકારીઓને ચેતવણી આપી હતી .જેના અનુસંધાનમાં શહેરી વિકાસ વિભગના અગ્ર સચિવે રાજ્યની તમામ 17

મહાનગરપાલિકાઓના કમિશ્નર અને 6 પ્રાદેશિક નગરપાલિકાઓના કમિશ્નરો સાથે બેઠક યોજી હતી.આ બેઠકમાં તેમણે શહેરી વિસ્તારોમાં ચાલતા બાંધકામની વિવિધ સાઇટનું નિરીક્ષણ કરીને પ્રદૂષણ નિયંત્રણ માટે પગલાં લેવા તાકીદ કરી હતી.

-------------

# MAHAPARINIRVAN DIVAS

ભારતરત્ન બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરને તેમની 70મી પુણ્યતિથિ, મહાપરિનિર્વાણ દિવસ પર આજે રાષ્ટ્ર શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અગ્રણી નેતાઓએ આજે નવી દિલ્હીમાં ડૉ. આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરી.

રાજયભરમાં શ્રદ્ધાંજલી કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.જે અંતર્ગત જામનગર ભાજપા દ્વારા ભારતીય બંધારણના શિલ્પી ભારતરત્ન ડોકટર બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિન નિમિત્તે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ભાજપ કાર્યાલય પર યોજવામાં આવેલા પ રિસંવાદમાં રાજ્યશિક્ષણ મંત્રી રિવાબા જાડેજા સહિત અન્ય મહાનુભાવો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ગીર સોમનાથના કોડિનાર ખાતે આંબેડકર ચોકમાં શિક્ષણ તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતાં. પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ મંત્રીએ પાણી દરવાજા ખાતે મતવિસ્તારના નાગરિકો સાથે લોકસંપર્ક સાધ્યો હતો.

ડો.બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્માણ દિવસ અંતર્ગત મહેસાણા ભારતીય જનતા પાર્ટી દ્વારા તેમની પ્રતિમાને પુષ્પાજલી અર્પણ કરાઈ. રાજ્યસભાના સાંસદ મયંક નાયક સહીત લોકો ઉપસ્થિત રહ્યા હતા.

નવસારી જિલ્લામાં, બાબા સાહેબના મહાપરીનિર્વાણ દિન નિમિત્તે નાગરિકોએ લુન્સીકુઈ ખાતે ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે ડો.બાબાસાહેબ આંબેડકરની પુણ્યતિથિ નિમિતે દીવ ભાજપ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો. દીવ જીલ્લા ભાજપ પ્રમુખ મોહન લખમણ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિતિ રહ્યા હતા.

-------------

# SIR

રાજ્યભરની 182 વિધાનસભા બેઠકોમાંથી 47 વિધાનસભા બેઠકો પર મતદાર યાદીની ખાસ સઘન સુધારા –SIR ગણતરીની 100% કામગીરી સંપન્ન થઈ છે.

રાજ્યભરમાં ગણતરીની 98.19% કામગીરી સંપન્ન થઈ ચૂકી છે. જ્યારે 80 બેઠકો પર 99%થી વધુ કામગીરી થઈ ચૂકી છે.

ગણતરી દરમિયાન રાજ્યભરમાં 17.66 લાખથી વધુ અવસાન પામેલ મતદારો,જ્યારે 8.39 લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથે 36.89 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. ઉપરાંત 3.53 લાખથી વધુ મતદારો એક કરતાં વધારે જગ્યાએ હોવાનું ધ્યાને આવ્યું છે.

મતદાર યાદી સઘન સુધારણા ઝુંબેશમાં સાબરકાંઠા જીલ્લામાં 99.83 ટકા ડિજિટલ કામગીરી પૂર્ણ થઈ છે.અમારા સાબરકાંઠાના પ્રતિનિધિ યોગેશ સથવારા જણાવે છે કે આ પ્રક્રિયામા BLO,BLA અને સ્થાનિક લોકોનો સહકાર મળી રહ્યો છે.

વધુ માહિતી આપી રહ્યા છે અમારા જિલ્લા પ્રતિનિધિ...

BYTE – YOGESH SATHVARA

ઉર્જા અને કાયદા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ અમરેલીના બાબાપુર ખાતે ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરવા બદલ જિલ્લાના બે BLOને અભિનંદન પાઠવ્યા હતા.

-------------

# AHMEDABAD WEST SANSAD KHEL MAHOTSAV

અમદાવાદના ખોખરા સ્પોર્ટ્સ સંકૂલ ખાતે રાજ્યમંત્રી દર્શના વાઘેલાએ અમદાવાદ પશ્ચિમ લોકસભા સાંસદ ખેલ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે અમદાવાદ પશ્ચિમના સાંસદ દિનેશ મકવાણા વિશેષ ઉપસ્થિત  રહ્યા હતા.

આ પ્રસંગે રાજ્યમંત્રી દર્શના વાઘેલાએ કહ્યું કે     , રમતગમત ક્ષેત્રે દેશના ખેલાડીઓને યોગ્ય મંચ પૂરું પાડવા માટે સાંસદ ખેલ મહોત્સવનું આયોજન કરાયું છે.

સાંસદ દિનેશ મકવાણાએ કહ્યું કે       , યુવાનો અને વિદ્યાર્થીઓનું કૌશલ્ય વિકસે અને રમતગમત ક્ષેત્રે રુચિ વધે તે હેતુથી આ મહોત્સવનું આયોજન કરાયું છે.

બે દિવસીય ખેલ મહોત્સવમાં આઠ જેટલી રમતોમાં એક હજાર 800 થી વધુ ખેલાડીઓ ભાગ લેશે.

કાર્યક્રમના પ્રારંભે ડો . બાબસાહેબના મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે મહાનુભાવોએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

-------------